# સાત વર્ષથી વેરા વસુલીના અનુદાન મેળવવાની દરખાસ્ત જિલ્લા પંચાયતે કરી જ નથી !

**જિલ્લા વિકાસ અધિકારીએ આ માસના અંત સુધીમાં વિગતવાર દરખાસ્તો તૈયાર કરવા જણાવ્યુ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૨૦૧૦થી આજ દિન સુધી લોકલ ફંડ શેષ તેમજ શિક્ષણ ઉપકર અને મહેસુલી વેરામાંથી અનુદાન મેળવવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજુઆત જ કરવામાં આવી ન હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાના ધ્યાને આ હકીકતો આવતાં તેમણે છેલ્લા બે મહિનાથી તમામ તાલુકાઓને વર્ષવાર દરખાસ્તો તૈયાર કરી મોકલી આપવા આદેશો કર્યા છે.

એક અંદાજ મુજબ રૂ. ૨૦ કરોડથી પણ વધુની અનુદાન પેટે આ રકમ પંચાયતને પ્રાપ્ત થઈ શકે એમ છે.

ગઈકાલે તાલુકા વિકાસ અધિકારીઓની બેઠકમાં પણ જિલ્લા વિકાસ અધિકારીએ આ બાબત પર ખાસ ભાર મુક્યો હતો. મળતી વિગતો પ્રમાણે આ માસના અંત સુધીમાં વિગતવાર દરખાસ્તો મળી જાય તે માટે તેમણે ખાસ આગ્રહ પણ કર્યો હતો.

જિલ્લા પંચાયતની આવકના સ્ત્રોતો જ્યારે મર્યાદિત છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારીએ વધુ આવક મેળવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તેમણે પંચાયતોમાં પણ વેરા-વસુલી માટે સમયબદ્ધ આયોજન કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સ્વભંડોળની સ્થિતિ હાલ સારી હોવાનું પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે પરંતુ સ્થિતિને મજબુત બનાવવી એ પણ એટલુ જરૂરી છે તેથી આ દરખાસ્તો માંગવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના ૪ કેસ

**જિલ્લાનો આંક ૪૧ પર પહોંચ્યો : આજે નોંધાયેલ કેસોમાં બે કલોલ તાલુકાના અને એક-એક ગાંધીનગર-માણસાના**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર યથાવત રહેવા પામ્યો છે. આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુ પોઝીટીવ કેસોની સંખ્યા ૪૧ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના સુઘડ ગામેથી એક ૧૯ વર્ષીય યુવકને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો છે. તો ૨૮ વર્ષીય મહિલા જે વરસોડાની છે તેને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત કલોલના હાજીપુરની પાંચ વર્ષની બાળકીને પણ સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં પણ એક ૪૫ વર્ષીય મહિલા દર્દી જે કલોલની છે તેને સ્વાઈન ફલુ પોઝીટીવ આજે પરીક્ષણ દરમ્યાન જણાયેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આમ તો ત્રણ જ કેસ નોંધાયા છે. તંત્રએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો કેસ ધ્યાને લીધો નથી.

જિલ્લા તંત્રના સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં નોંધાયેલ સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓમાંથી ૨૧ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને સારવાર બાદ રજા આપવામાં આવી છે. હાલ માત્ર નવ દર્દીઓ જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. જ્યારે સાત દર્દીના આ રોગથી મોત નીપજ્યા છે.

ગાંધીનગર સિવિલનો એક કેસ અને આજનો એક કેસ એમ તંત્ર દ્વારા આ બે કેસ ધ્યાને લેવામાં આવ્યા નથી અને સાચી હકીકતો સાથે ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કરાઈ રહ્યાની વાતો આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોમાં શરૂ થઈ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આખો આઈસોલેશન વોર્ડ ચાલુ કરવામાં આવ્યો છે અને નિષ્ણાત તબીબો સારવાર કરી રહ્યા છે ત્યારે તંત્રનું આ વલણ સૌની નજરમાં ચર્ચાસ્પદ બન્યું છે.

બીજી તરફ રાજ્યના આરોગ્ય કમિશ્નરે પણ તમામ આરોગ્યતંત્રના અધિકારીઓને પત્ર પાઠવી સ્વાઈન ફલુ અંગે લોક જાગૃતિ અભિયાન નવરાત્રી પર્વ દરમ્યાન સઘન બનાવવા કડક તાકીદ કરી છે એટલુ જ નહિ આ માટે ગરબા આયોજકો સાથે વાત કરી એક અલાયદો સ્ટોર બનાવવા પણ સૂચવ્યુ છે.



આવી આસોની અજવાળી રાત... - ગુજરાતીનો પ્રિય ઉત્સવ એટલે નવરાત્રી... નવરાત્રી મહોત્સવનો બુધવારથી પ્રારંભ થયો.. પહેલા નોરતે જ ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા... દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવલી નવરાતમાં યુવા ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા.... ગાંધીનગર કલ્ચરલ ફોરમ દર વર્ષે કંઈક વિશેષ આયોજન કરે છે... જેના ભાગરૂપે આ વર્ષે પણ અરવલ્લીની પર્વતમાળા અને વિશાળ ગબ્બરની પ્રતિકૃતિ નિર્માણ કરવામાં આવી હતી... જે ખાસ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું...

# બોરીજની જેમ ધોળાકુવામાં પણ દબાણો દુર કરવામાં આવશે

**દબાણો દુર કરવા માટે સર્વે અને માર્કીંગની કામગીરી શરૂ : દબાણોનો ખાતમો કરવા માટે તંત્રએ ગતિવિધિઓ આરંભી દીધી છે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેર ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં હાલ દબાણની કામગીરી બંધ કરી દેવામાં આવી છે. જયારે બોરીજમાં અગાઉ બે વાર તંત્રનુ બુલડોઝર ફરી વળતા પાકા દબાણોનો ખાતમો કરવામાં આવ્યો હતો જયારે ધોળાકુવામાં પણ વધતા પાકા દબાણોને માર્કીંગ કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં અભ્યાસના અંતે આ દબાણો દુર કરવા પણ વિચારણા ચાલી રહી છે.

ગાંધીનગર શહેરમાં દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અન્વયે સેકટરોમાં પ્રથમ તબક્કામાં લારી ગલ્લાના દબાણો દુર કરાયા હતા. જયારે લારી ગલ્લાની ઝુંબેશના અંતે સકટરોમાં પાકા દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરના સે-૨૪ સહીત અન્ય સેકટરોમાં પણ દબાણો દુર કરવા માટે તંત્રનુ બુલડોઝર ફરી વળ્યુ હતુ. સે-૨૪ માં હાઉસીંગના મકાનોમાં પાકા દબાણો દુર કરવામાં આવ્યા હતા. જયારે શહેરના રહેણાંક વિસ્તારમાં પણ ધમધમતી કોર્મશિયલ દુકાનોને બંધ કરી દેવા માટે તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. આ દરમિયાન દુકાનો સીલ કરવા સુધીના પગલા પણ લેવાયા હતા.જયોર દબાણો દુર કરવાની તંત્રની હરકત સામે વેપારીઓમાં નારાજગી વ્યાપી હતી. જયારે હેતુફેરના મામલે દુકાનો સીલ કરવાની કામગીરી સંદર્ભે પણ વેપારીઓએ ઉગ્ર વિરોધ વ્યકત કર્યો હતો. જેના અંતે દબાણ તંત્ર દ્વારા અચાનક જ આ ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી. બીજીતરફ ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પણ વધતા દબાણોનો સફાયો કરવા માટે બોરીજમાં તંત્ર દ્વારા અત્યાર સુધી બે વાર દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન તોતિંગ પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુ છે. પરંતુ હજુ પણ નદીના તટ સુધી દબાણો વિસ્તરેલા હોવાથી આગામી દિવસામાં સર્વેના અંતે દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જયારે બોરીજની જેમ ધોળાકુવામાં પણ વધતા દબાણોને તોડવા માટે તંત્રએ અભ્યાસ અને સર્વે હાથ ધર્યો છે. ધોળાકુવામાં પણ આગામી દિવસોમાં દબાણતંત્રની ટીમ ત્રાટકશે. હાલ ગામમાં દબાણોને અનુલક્ષી માર્કીંગ તેમજ સર્વે સહીતની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# જિલ્લામાં હેલ્થ એન્ડ વેલ્થ સેન્ટરો તબક્કાવાર કાર્યરત કરવામાં આવશે

**હેલ્થ સેન્ટરોમાં ફેમિલી હેલ્થ ફોલ્ડર તૈયાર કરાશે : જિલ્લામાં હાલ ૧૭ આવા સેન્ટરો કાર્યરત કરાયા છે જેમાં ગાંધીનગર શહેરના ૪ અર્બન હેલ્થ સેન્ટરોનો સમાવેશ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તબક્કાવાર કાર્યરત કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૭ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૪૦ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો શરૂ કરવાનું આયોજન છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે લોકોના જીવન ધોરણમાં બદલાવ આવે તેમજ સ્વસ્થ સમાજની રચના માટેનું આ મહત્વનું કદમ છે. આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે જે સબ સેન્ટરે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવ્યા છે ત્યાં કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોની નિયુક્તી કરી દેવામાં આવી છે.

જે ૧૭ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર શહેરના ચાર અર્બન હેલ્થ સેન્ટરનો પણ સમાવેશ થાય છે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ સેન્ટરોમાં યોગા માટે ખાસ મેટ પણ આરોગ્યતંત્ર દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત લેટેસ્ટ સાધનો પણ આપવામાં આવ્યા હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે. આ સેન્ટરોના કર્મયોગીઓને નોન કોમ્યુનીકેવલ ડીસીઝ માટે પણ પાંચ દિવસની વિશેષ તાલિમ આપવામાં આવી છે.

આ હેલ્થ સેન્ટરો દ્વારા ફેમીલી હેલ્થ ફોલ્ડરો તૈયાર કરવામાં આવશે જેમાં પરિવારના તમામ સભ્યોની આરોગ્ય વિષયક બાબતો હશે. યોગા અને વૈદિક ચિકિત્સા પદ્ધતિ સાથે સાથે એલોપૈથીની પણ સારવાર આ સેન્ટરોમાં ઉપલબ્ધ બનશે.

# શહેરમાં નવરાત દરમિયાન પાસનો મામલો હોટ ઈસ્યુ

**સિઝન બુક આપી દો ને... આઠમના પાસ તો જોઇશે જ.. મહેમાન આવવાના છે... : નવરાતમાં પાસની ડીમાન્ડ કરનારાઓનો મિજાજ પણ કાંઇક હટકે ..આજના કરી આપો...હવે નહીં કહુ.. ન હોય તો કાલના પણ ચાલશે.. અમારે તો એકાદ વાર જ જવાનુ હોય છે... : ગાંધીનગરમાં શ્રેષ્ઠ શ્રોતાવર્ગ પણ છે.. ફ્રી કે કોમ્પલીમેન્ટ્રી પાસનુ કલ્ચર પણ ...**

ગાંધીનગર તા ૧૧

ગરબા મહોત્સવ ગાંધીનગરની આગવી ઓળખ છે. ગાંધીનગરમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી વિશેષ રીતે થાય છે. કર્મચારી નગર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિનો વ્યાપ વધતા નગરની ઓળખ બદલાઈ છે. કલાના કદરદાનો પણ છે. જયારે કલાકારોને દાદ આપવા વાળો એક શ્રેષ્ઠ શ્રોતાવર્ગ પણ છે. પરંતુ પાસના મામલે શહેરમાં દાયકાઓ જુનુ કોમ્પલીમેન્ટ્રી કલ્ચર હજુ યથાવત છે. નવરાત શરૂ થતા જ સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજનને અનુલક્ષી પાસની ડીમાન્ડ ચરમસીમાએ હોય છે. નવરાતમાં કોઈપણ કલાસના વ્યકિત પાસની ડીમાન્ડ બેજીજક કરતા નજરે પડે છે. શહેરમાં વિવિધ કલા સંસ્થાઓ દ્વારા વર્ષ દરમિયાન સંબંધિત સંસ્થાના સભ્યો માટે કાર્યક્રમ થાય છે. પરંતુ આ દરમિયાન પણ ચાન્સ મળે તો કલાપ્રેમી શ્રોતાઓ કાર્યક્રમ જોવાનુ ચુકતા નથી. આમ એક રીતે જોવા જઈએ તો પાસનો ઈસ્યુ કાયમી બનતો જાય છે. પરંતુ નવરાત્રિ મહોત્સવમાં પાસનો ઈસ્યુ હોટ બને છે. અને એ પણ એટલી હદે કે ગરબા મહોત્સવના આયોજકોએ કઈ દીશામાં લમણુ વાળવુ તે પણ સમજાય નહીં..એવુ નથી કે નગરમાં પાસ ખરીદી શકે તેવો વર્ગ નથી પરંતુ આપણે પાસ આવે છે..!!એવો મિજાજ તો કોમ્પલીમેન્ટ્રી પાસ આવતા હોય તે જ રાખી શકે..ને ..!! નવરાત્રિ દરમિયાન પાસ ઈચ્છુકોની ફ્રી ડીમાન્ડ સીઝન પાસથી શરૂ થાય છે..પરંતુ નવ દિવસમાં બે ચાર દિવસનો પણ મેળ પડી જાય તો કામ પુરુ થઈ જાય છે. ગાંધીનગરના ગરબા મહોત્સવની અમદાવાદ સહીત અન્ય શહેરોમાં પણ બોલબાલા છે ત્યારે ઘેર આવતા મહેમાનો માટે પણ પાસનો જુગાડ કરવા તો પડે જ..ને ..!! ગાંધીનગરમાં ઉમદા કલાકારો તો છે જ અને કલાના કદરદાનો પણ .. કોમ્પલીમેન્ટ્રી પાસ

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની સ્થાયી સમિતિની બેઠક ૧૫મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક આગામી ૧૫મી ઓકટો.ને સોમવારના રોજ બપોરના ૩ વાગે મળશે.

મળતી વિગતો મુજબ આ બેઠકમાં નવી એક હજાર ખુરશીઓ ખરીદવા ઉપરાંત શહેરના વિવિધ માર્ગો અને સાર્વજનિક જગ્યાઓ ઉપર સાઈનીંગ બોર્ડ મુકવા બાબતે નિર્ણયો લેવામાં આવશે.

આ બેઠકમાં મનપાની કચેરીમાં આઉટ સોર્સિંગથી સિક્યોરીટી ગાર્ડઝ મેળવવાના ટેન્ડર તેમજ સે. ૭, ૨૪, ૨૭ના નવીનીકરણ થયેલ ઉદ્યાનોની જાળવણી અને નિભાવણીના ટેન્ડર બાબતે પણ વિચારણા કરવામાં આવશે.

# આજે ઝીકા વાયરસ અંગે આરોગ્ય કમિશનર વી.સી. કરશે

ગાંધીનગર, તા. ૧૧

રાજસ્થાનમાં દેખાયેલ ઝીકા વાયરસને પગલે આજે રાજ્યના આરોગ્ય કમિશનર જયંતિ રવિએ તમામ જિલ્લાના આરોગ્યતંત્રના અધિકારીઓ સાથે એક વિડીયો કોન્ફરન્સનું આયોજન કર્યું છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વિડીયો કોન્ફરન્સમાં આ વાયરસના નિષ્ણાત પાંચ જેટલા તબીબો પણ વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે.

આ વિડીયો કોન્ફરન્સમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીઓ જિલ્લા મેલેરિયા નિયંત્રણ અધિકારીઓએ ખાસ ઉપસ્થિત રહેશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

રાજસ્થાનમાં દેખાયેલા ઝિકા વાયરસનો ભોગ બનેલા ૨૦થી વધુ દર્દીઓ મળી આવ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ પણ આ અંગે રાજસ્થાન સરકાર પાસે અહેવાલ માંગ્યો છે. રાજસ્થાન ગુજરાતને અડીને આવેલુ રાજ્ય હોવાથી રાજ્યના આરોગ્યતંત્રને પણ આ માટે સતર્ક રહેવા જણાવાયું છે.

# એક વ્યકિતને જાનથી મારી નાંખવાની કોશિશના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

**સે-૨૪ માં કરિયાણાના પૈસા બાબતે ઝઘડો કરી આરોપીઓએ ચપ્પાના ઘા માર્યા હતા**

ગાંધીનગર તા ૧૧

સે-૨૪ માં ઈન્દિરાનગર છાપરાની પાસે જુના ઝઘડાની અદાવત રાખી કરિયાણાના પૈસા બાબતે માથાકુટ કરી એક વ્યકિતને ચપ્પાના ઘા મારી જાનથી મારી નાંખવાની કોશિશ કરવાના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર તા ૩ નવેમ્બર વર્ષ ૨૦૧૦ના રોજ સે-૨૪ ઈન્દિરનગર છાપરા પાસે આ કેસના આરોપી મોહમદખાન મીરખાન બલોચ, યાસીન મહમદખાન બલોચ ,હાજીખાન મહમદખાન બલોચ તેમજ જુમ્માખાન મહમદખાન બલોચે ભીખાભાઈ વેલજીભાઈ રાવળ સાથે કરિયાણાના પૈસાની બાબતે ઝઘડાની અદાવત રાખી હુમલો કર્યો હતો. તેમના ભાઈ દિનેશ પર આરોપીએ ગળા તેમજ પેટના ભાગે ચપ્પાના ઘા માર્યા હતા. જયારે લોખંડની પાઈપ વડે પણ હુમલો કર્યો હતો. ગડદાપાટુનો માર મારતા આરોપીને ગંભીર ઈજાઓ થઈ હતી. જાનથી મારી નાંખવાની કોશિશના આ ગુન્હા અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com